### વર્ગ ૧-૨ના અધિકારીઓને સોંપાઇ જવાબદારી

# ગાંધીનગરમાં ટેટ-૨ની પરીક્ષાને લઇ જડબેસલાક તૈયારીઓ શરૂ

### પરીક્ષામાં ગેરરીતિને અવકાશ ન રહે તેના માટે વર્ગ ૧ અને ૨ના અધિકારીઓને ખાસ જવાબદારી સોંપવા સાથે અપાઇ કડક સૂચના

ગાંધીનગર, તા.૨૧

ટેટ-૨ની પરીક્ષા માટે જિલ્લામાં ૨૯,૬૧૮ ઉમેદવારોની નોંધણી થઈ છે. આગામી તારીખ ૨૩મીએ આ પરીક્ષા લેવાશે. આ પરીક્ષામાં ગેરરીતિને અવકાશ ન રહે તેના માટે તમામ ૯૯ પરીક્ષા કેન્દ્ર પર વર્ગ ૧ અને ૨ના અધિકારીઓને ઓબ્ઝર્વરની જવાબદારી સોંપવામાં આવી છે. જ્યારે પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ સહિતના ઈલેક્ટ્રોનિક ઉપકરણ લઈ જવા મનાઈ છે. આ નિયમનું ઉલ્લંઘન કરનાર સામે કાર્યવાહી કરવામાં આવશે. ધોરણ ૬થી ૮માં માટે શિક્ષકની ઘટ પુરવાની દિશામાં પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. શિક્ષકોની ભરતી માટે ફરજીયાત ટેટ-૨ની પરીક્ષા સંબંધે શિક્ષણ તંત્રના અધિકારીક સૂત્રોમાંથી મળેલી માહિતી મુજબ, પરીક્ષાના આયોજનને અનુલક્ષી ગાંધીનગર જિલ્લાના બે ઝોન નિયત કરવામાં આવ્યા છે. જેમાં ઝોન ૧માં ૫૬ કેન્દ્ર નિયત કરવામાં આવ્યા છે અને ઝોન ૨માં ૪૩ કેન્દ્ર નયત કરાયા છે. જયારે આ કેન્દ્રો ગાંધીનગર, કલોલ, દહેગામ અને માણસા શહેરમાં નિયત કરાયા છે. કેન્દ્રમાં સીસીટીવીની ખરાઈ કરવાનું અને યોગ્યતા ચકાસવાની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. ૨૩મી એપ્રિલે યોજાનાર ટેટ-૨ની પરીક્ષા માટે જિલ્લામાં ૨૯,૬૧૮ પરીક્ષાર્થીઓ નોંધાયા છે. તંત્ર દ્વારા આ પરીક્ષાની તૈયારીઓને અંતિમ ઓપ આપી દેવામાં આવ્યો છે. શિક્ષણ વિભાગ દ્વારા યોજાનાર આ પરીક્ષા માટે જિલ્લામાં ૯૯ કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા છે. પરીક્ષાર્થીઓ માટેની બેઠક વ્યવસ્થા માટે જિલ્લાની સ્કૂલો કોલેજોની પસંદગી વધુ કરવામાં આવી છે. ૩૦૦થી ૪૫૦ પરીક્ષાર્થીઓ કેન્દ્રવાર ફાળવવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. દરેક કેન્દ્ર પર ૧૦-૧૦ બ્લોક રાખવામાં આવ્યા છે. મળતી વિગતો મુજબ, આ પરીક્ષાના દરેક કેન્દ્ર પર જિલ્લાના વર્ગ-૧ અને ૨ના અધિકારીઓને ફરજ સોંપવામાં આવી છે. આ માટેના રૂટ પણ નિયત કરી દેવામાં આવ્યા છે. કલેકટર કચેરી દ્વારા આ પરીક્ષાને લઈ ૧૪૪નું જાહેરનામું પણ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યું છે. જિલ્લામાં હાલ શાળાકીય પરીક્ષાઓ અને સ્પર્ધાત્મક પરીક્ષાનો માહોલ જામ્યો છે. ૩થી ૫ દરમિયાન આ પરીક્ષા યોજાશે. આ પરીક્ષાનું સીસીટીવીથી પણ મોનિટરીંગ કરવામાં આવશે. આ ઉપરાંત આ પરીક્ષાને લઈ કેન્દ્રો પર ચાંપતો પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે. વર્ગ-૨ અને ૨ના અધિકારીઓને કેન્દ્રોની જવાબદારી સોંપી નજર રાખવા માટેની કડક સૂચનાઓ આપવામાં આવી છે.

# જુનિયર ક્લાર્ક, ખેતી મદદનીશ સહિત ભરતીઓને મંજૂરી

ગાંધીનગર, તા.૨૧

સરકારી નોકરી વાંચ્છુકો માટે આનંદનાં સમાચાર છે. રાજ્ય સરકાર દ્વારા ખેડૂત કલ્યાણકારી યોજનાના અમલ માટે નવા મહેકમની મંજૂરી આપવામાં આવી છે. જેમાં વર્ગ-૧ અને ૩ની ૧૧૨૦ જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે.

રાજ્ય સરકારના નિયમ મુજબ પ્રમોશનથી ભરવાની રહેશે. જગ્યાઓ. બાકી રહેતી જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની રહેશે. જેમાં ખેત મદદનીશ વર્ગ ૩ ની ૮૨૫ જગ્યાઓ મંજૂર કરાઈ, જુનિયર કલાર્ક વર્ગ-૩ની ૨૯૩ જગ્યાઓને મંજૂર કરવામાં આવશે તેમજ નાયબ ખેતી નિયામક વર્ગ ૧ ની ૨ જગ્યાઓ પર ભરતી થશે.

### નર્મદા જિલ્લામાં ત્રણ મહત્વના કાર્યક્રમોમાં લોકજૂવાળનો મહાસાગર ઉમટ્યો

# નર્મદા નદી કિનારે પંચકોશી ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા ભક્તિભાવ પૂર્ણ સંપન્ન

### સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતાનગર ખાતે આજથી શરૂ થયો સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ : પ્રથમ પડાવમાં ૩૦૦ યાત્રિકો એકતાનગરના વિવિધ પ્રકલ્પોની મુલાકાતે





નર્મદા જિલ્લામાં ત્રણ મહત્વના કાર્યક્રમોમાં લોકજૂવાળનો મહાસાગર ઉમટી પડ્યો હતો. ખાસ કરીને પુણ્ય સલિલા માં નર્મદા નદી કિનારે ચૈત્ર માસ દરમિયાન યોજાતી પંચકોશી ઉત્તરવાહિની નર્મદા પરિક્રમામાં સતત એક મહિના સુધી ભાવિકોએ ૨૨ કિમીની પરિક્રમા કરી ધન્યતાનો અનુભવ કર્યો હતો. ચૈત્રિ અમાસના રોજ નર્મદા સ્નાનના અનેરા મહત્વ સાથે આ પરિક્રમા જિલ્લા કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયાના માર્ગદર્શન હેઠળ સમગ્ર વહીવટી તંત્ર, જિલ્લા સંગઠન અને સ્થાનિક આશ્રમના સંચાલકો, આગેવાનોના સહયોગથી શાંતિપૂર્ણ અને ભક્તિભાવ માહોલમાં સંપન્ન થઈ છે. જિલ્લામાં ગરૂડેશ્વર તાલુકાના ગોરા ગામ ખાતે આવેલા શુલપાણેશ્વર મહાદેવ મંદિરે ચૈત્રિ અમાસે પ્રતિ વર્ષ ત્રિ-દિવસીય ભાતીગળ મેળો યોજાય છે. આ મેળામાં મહાલવા તથા શુલપાણેશ્વર મહાદેવના દર્શનાર્થે ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાંથી શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉમટી પડતા હોય છે. આ મેળા સાથે ચૈત્રિ અમાસે નર્મદા સ્નાન કરી ભકતો ધન્યતા અનુભવતા હોય છે. આ ત્રિ-દિવસીય લોકમેળામાં શ્રદ્ધાળુઓ માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવતા નિર્વિધ્ને શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્ણ રીતે સંપન્ન થયો છે. દરમિયાન નર્મદા જિલ્લામાં આજે તા.૨૦/૦૪/૨૦૨૩ને ગુરૂવારના રોજ સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ અંતર્ગત સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતાનગર ખાતે આજે પ્રથમ પડાવમાં ૩૦૦ યાત્રિકો આવી પહોંચતા એકતાનગર ખાતે તેમનું જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા સંગઠનના આગેવાનો-પદાધિકારીશ્રીઓ દ્વારા ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સ્ટેચ્યૂ ઓફ યુનિટીની આસપાસના વિવિધ પ્રકલ્પોની મુલાકાત લઈને અત્યંત ખુશીની લાગણી વ્યક્ત કરી રહ્યાં હતા. એકતાનગર ખાતે મોડી રાત્રી સુધી સૌરાષ્ટ્રીયન યાત્રિકો માટે ખાસ વ્યવસ્થા ઊભી કરાઈ હતી જેમાં રહેવા-જમવા, નર્મદા ઘાટની આરતી, લાઈટ એન્ડ સાઉન્ડ શો જોઈને યાત્રિકો ભાવ વિભોર બન્યા હતા. માત્ર એટલું જ નહીં પણ અખંડ ભારતના શિલ્પી સરદાર સાહેબના સાનિધ્યમાં પહોંચી સરદાર સાહેબની ફોટો ગેલેરી, થિએટર, વ્યૂઈંગ ગેલેરી સાથે સરદાર સાહેબની વિરાટ પ્રતિમા નિહાળી ભાવ વિભોર બન્યા હતા. તેમના ગુણગાન ગાતા તમિલ લોકોના દિલમાં એક ભારત શ્રેષ્ઠ ભારતનો મંત્ર જાગી ઉઠ્યો હતો અને સ્ટેચ્યુ ઓફ યુનિટીની કાયમી યાદગીરી માટે સમૂહ તસવીર અને સેલ્ફી પણ કેમેરામાં કેદ કરી હતી. તેમજ સરદાર સરોવર ડેમની વિશાળ જળરાશીને જોઈને ઘેલા બન્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નને નજરે નિહાળી પ્રવાસીઓ અત્યંત અભિભૂત થયા હતા. સરદાર સાહેબની વિશાળ પ્રતિમાના સાનિધ્યમાં સપ્તરંગી લેસર શો જોઈને જોઈને ધન્યતા અનુભવી હતી. આમ, નર્મદા જિલ્લામાં હાલમાં ત્રણ મહત્વના કાર્યક્રમોમાં લોકજૂવાળનો મહાસાગર ઉમટ્યો હતો.

### જનતાને સારી, ઝડપી અને સુરક્ષિત સેવાઓ પૂરી પાડવાનું આગોતરું આયોજન

# GSRTC પ્રવાસન સ્થળો માટે દૈનિક ૧૪૦૦થી પણ વધુ બસ દોડાવશે

### ગુજરાત રાજ્યમાંથી મહારાષ્ટ્ર તથા રાજસ્થાનમાં પણ આંતર-રાજ્ય બસ સર્વિસ સંચાલિત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે

અમદાવાદ, તા.૨૧

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા દર વર્ષે ઉનાળુ વેકેશન દરમિયાન મુસાફરોની માંગણીને ધ્યાને લઈ એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવે છે. આ વર્ષે પણ રાજ્યના મુસાફરોના વિશાળ હિતને ધ્યાને રાખી ઉનાળુ વેકેશન-૨૦૨૩ દરમિયાન રાજ્યના વિવિધ સ્થળોએથી મુસાફરોની માંગણી અનુસાર રાજ્યના જુદા-જુદા અને મોટા શહેરોને જોડતી દૈનિક ૧૪૦૦થી વધુ એક્સ્ટ્રા એક્સપ્રેસ બસ સર્વિસ સંચાલિત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે, તેમ વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ છે.

મંત્રીએ ઉમેર્યું કે, વેકેશન સમય દરમિયાન નિગમ દ્વારા સુચારુ વ્યવસ્થા ગોઠવી



રાજ્યની મુસાફર જનતાને સારી, ઝડપી અને સુરક્ષિત સેવાઓ પૂરી પાડવાનું આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મુખ્યત્વે સુરતથી સૌરાષ્ટ્ર તરફ, સૌરાષ્ટ્રથી ઉત્તર તરફ, દક્ષિણથી ઉત્તર અને સૌરાષ્ટ્ર તરફ બસ સર્વિસ સંચાલિત કરવામાં આવશે. આ ઉપરાંત ગુજરાત રાજ્યમાંથી મહારાષ્ટ્ર તથા રાજસ્થાનમાં પણ આંતર-રાજ્ય બસ સર્વિસ સંચાલિત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

સંઘવીએ વધુમાં કહ્યું કે, અંબાજી, સોમનાથ, દ્વારકા, ડાકોર, પાવાગઢ, ગીરનાર જેવા રાજ્યના ધાર્મિક સ્થળો તેમજ સ્ટેચ્યુ ઓફ યુનિટી, સાસણ ગીર, સાપુતારા, દીવ અને કચ્છ જેવા પ્રવાસન સ્થળો ખાતે પણ બસ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

તે ઉપરાંત રાજસ્થાનમાં માઉન્ટ આબુ, સુન્ધા માતા અને મહારાષ્ટ્રમાં શિરડી, નાશીક, ધુલીયા જેવા આંતર રાજ્ય સ્થળોએ પણ મુસાફર જનતા માટે પૂરતી બસ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. જેનો મુસાફર જનતાને લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ગાંધીનગર ખાતે પ્રી-ગ્રીપ સમિટનો શુભારંભ કરાવતા આરોગ્ય મંત્રીશ્રી

ગાંધીનગર, તા.૨૧

આજે ૨૧મી એપ્રિલ એટલે કે “વર્લ્ડ ઈનોવેશન ડે” નિમિત્તે આરોગ્ય ક્ષેત્રે ક્રાંતિ લાવતા વિવિધ ઈનોવેટીવ વિચારોને પ્રોત્સાહન આપવા માટે ગુજરાતમાં પ્રથમવાર “ગૂડ, રેપ્લીકેબલ એન્ડ ઈનોવેટીવ પ્રેકટીસીસ સમિટ (GRIP Summit)નું આયોજન કરવામાં આવ્યું છે. આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલે ગાંધીનગર ખાતેથી પ્રી-ગ્રીપ સમિટનો શુભારંભ કરાવ્યો હતો.



આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યુ હતું કે, માનવ જીવનને સરળ અને સહજ બનાવવા માટે કોઈપણ ક્ષેત્રે ઈનોવેશન અને ડીસ્કવરીનું મહત્વ ખૂબ જ વધારે હોય છે. આજે નાના-નાના પરંતુ અતિમહત્વના ઈનોવેશનના પરિણામે આરોગ્ય સહિતના ક્ષેત્રે ક્રાંતિ આવી છે. ગુજરાત સહિત દેશના યુવાનોના ઈનોવેટીવ વિચારોને પ્રોત્સાહન આપવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૬માં “અટલ ઈનોવેશન યોજના” અમલમાં મૂકી હતી.

### રાજ્ય સરકારનો ખેડૂતહિત લક્ષી નિર્ણય

## બાગાયત ખાતા દ્વારા પોર્ટલ પર સહાય અરજીઓ મેળવવા માટે તા.૨૨ એપ્રિલથી આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મુકાશે

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત સરકાર દ્વારા રાજયમાં બાગાયતી ખેતીના વિકાસ માટે વિવિધ પ્રોત્સાહક યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. ચાલુ વર્ષમાં ખેડૂતો બાગાયત ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ ઘરઆંગણે સરળતાથી મેળવી શકે તે હેતુસર રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ માટે આઇ-ખેડૂત પોર્ટલ અખાત્રીજના શુભ દિવસથી ખુલ્લુ મુકવામાં આવ્યું છે. વધુમાં રાજ્યના ખેડૂતો બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓનો લાભ મેળવવા માટે આવતીકાલ એટલે કે તા.૨૨ એપ્રિલથી ૩૧મે-૨૦૨૩ સુધી આઈ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજીઓ કરી શકશે. અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ લઇ જરૂરી સાધનિક કાગળો સહ જિલ્લાના નાયબ/ મદદનીશ બાગાયત નિયામકશ્રીની કચેરીએ સમય મર્યાદામાં મોકલી આપવા ખેડૂતોને ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### કેસ નોંધાયા ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જવા પામી છે. આજે નોંધાયેલ એક પણ દર્દી કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી નહિ ધરાવતો હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

શહેરમાં આજે નોંધાયેલ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં હાલ ૫૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા જણાવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે વધુ પાંચ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા પાંચ કેસમાં બે કેસ ગાંધીનગર, માણસા અને કલોલમાં એક-એક કેસ નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ પાંચ કેસમાં ૩ કેસ મહિલા દર્દીના છે. મહિલા દર્દીના કેસોની સંખ્યા વધી રહી છે તેથી તંત્રની ચિંતા પણ વધી રહી છે. આજે નોંધાયેલા કેસમાં એક ખેડૂત અને એક મજૂરીકામ કરતા શ્રમિકનો કેસ નોંધાયો છે.

દહેગામમાં આજે લવાડ ગામે ૩૫ વર્ષીય ખેડૂત તેમજ સાંપા ગામે ૨૩ વર્ષીય શ્રમિકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગરના દંતાલી ગામે ૪૭ વર્ષીય મહિલા, કલોલના નવા ગામે ૩૭ વર્ષીય મહિલા તેમજ માણસા શહેરમાંથી ૫૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. માણસા શહેરમાંથી કેસો વધુ મળતાં તે સંવેદનશીલ વિસ્તાર તરીકે ઉભરી રહ્યુ હોવાથી તંત્રએ માણસા શહેરમાં સર્વેલન્સ સઘન કરવામાં આવે તેના પર ભાર મુક્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે ગ્રામ્ય વિસ્તારમાં ૧૫૦૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નવ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે કરવામાં આવે તેવી તાકીદ કરી છે.

### નિર્માણ થશે ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાજુની કચેરીઓના પાર્કિંગમાં પણ વાહનો પાર્ક કરવાની ફરજ પડે છે જો કે હવે નવા કોર્ટ બિલ્ડીંગ માટે વિશાળ જગ્યા ફાળવવામાં આવી છે . આ જગ્યાએ ૮ માળની ઈમારત બાંધવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો હોવાથી તમામ અદ્યતન વ્યવસ્થા કરવામાં આવશે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ આ જગ્યાએ મોડેલ કોર્ટ બિલ્ડીંગ બાંધવામાં આવશે કોર્ટ બિલ્ડીંગમાં સોલર સિસ્ટમ મુકવામાં આવશે. વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ પણ લગાડવામાં આવશે. સમગ સંકુલને સીસી ટીવી કેમેરા સર્વેલન્સથી આવરી લેવામાં આવશે અને બેઝમેન્ટમાં વાહન પાર્કિંગની વિશાળ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. બેઝમેન્ટ વધતા ગ્રાઉન્ડ ફ્લોર અને ઉપર સાત માળની ઈમારતની ડિઝાઇન તૈયાર કરવામાં આવી છે. તેમાં રેકર્ડ રૂમ માટે એક આખો માળ તૈયાર કરાશે આગામી બે વર્ષમાં યોજનાનું કામ પૂર્ણ કરવાનું આયોજન છે.

### ટેકાના ભાવે ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તુવેરનું વાવેતર જિલ્લામાં બહુ ઓછા વિસ્તારમાં થયુ હતુ અને કોઈ ખેડૂતે રજીસ્ટ્રેશન કરાવ્યુ ન હતુ. ઘઉંના ઉત્પાદનને ટેકાના ભાવે વેચાણ કરવા માટે ૧૩૦ થી વધુ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ હતુ પરંતુ ઘઉંના બજાર ભાવ સારા મળી રહ્યા હોવાથી ખેડૂતોને સંદેશો આપ્યા પછી પણ ખેડૂતો હજુ વેચાણ માટે આવ્યા નથી.

જિલ્લામાં આ વખતે ટેકાના ભાવે વેચાણ કરવામાં ખેડૂતોએ ઓછો રસ દાખવ્યો છે. જો કે બજાર ભાવ પણ સારા હોવાથી ખેડૂતો બહાર આવ્યા નહિ હોવાનું મનાઈ રહ્યુ છે.

### દરોડા ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવાની અને તેને વેચવાની ગેરકાયદેસર પ્રક્રિયામાં એજન્ટ, સોફ્ટવેર ડેવલપર, વેબસાઈટ મેનેજર અને માલિક સહિત ઘણા લોકો સામેલ છે.

આ અગાઉ પણ ગેરકાયદેસર રીતે ઈ ટિકિટ બુક કરવાનો કિસ્સો રાજકોટમાં બન્યો હતો અને આ મામલે ગેરકાયદેસર સોફ્ટવેરના ઉપયોગથી ટિકિટ બુક કરીને કૌભાંડનો પર્દાફાસ થયો હતો. આ મામલે ગુજરાત, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ સહિત ૬ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

### સંકેત ● અનુસંધાન પહેલાનું ચાલુ

પેટ્રોલના છૂટક વેચાણ પર દર લીટરે રૂપિયા પાંચનો ફાયદો થઈ રહ્યો છે. કંપનીઓને પ્રતિ લીટર ડીઝલ પર પણ એક રૂપિયાથી ઓછાનો ફાયદો થવા લાગ્યો છે. સૂત્રોના માનીએ તો પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ ઓઈલ કંપનીઓને તેમની સુવિધા અને માંગ અનુસાર પેટ્રોલ અને ડીઝલના છૂટક ભાવમાં ફેરફાર કરવાની અપીલ કરી છે.

જોકે એક ઓઈલ કંપનીના ઉચ્ચ અધિકારીએ કહ્યું કે, કોઈપણ નિર્ણય ઉતાવળમાં લેવામાં આવશે નહીં. ક્રુડની કિંમતોમાં બુધવારે અને ગુરુવારે લગભગ બે ટકાનો ઘટાડો થયો. શુક્રવારે શરૂઆતના કારોબારમાં બ્રેંટ ક્રૂડ ૦.૨૮ ડૉલર એટલે કે ૦.૩૫ ટકા ઘટાડા સાથે ૮૦.૮૨ ડોલર પ્રતિ બેરલ પર ટ્રેડ કરી રહ્યો છે. એવી જ રીતે ઉૅ પણ ૧.૮૭ ડોલર એટલે કે ૨.૩૬ ટકાના ઘટાડા સાથે ૭૭.૭૯ ડોલર પર છે. રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ શરૂ થયા બાદ ગત વર્ષે માર્ચમાં ૨૦૦૮ બાદ પ્રથમવાર પ્રતિ બેરલ ક્રુડની કિંમત ૧૩૯ ડૉલરે પહોંચી ગઈ હતી.

### ઉજળો વારસો ● અનુસંધાન ચોથાનું ચાલુ...

બહુ ચર્ચા થઈ. હું કન્વર્ઝનના પક્ષમાં છું, વિરોધમાં નથી. પરંતુ એક સંપ્રદાયમાંથી બીજા સંપ્રદાયમાં નહીં, પણ એના બદલે કન્વર્ઝન દુઃખથી સુખમાં, બંધનથી મુક્તિમાં, ક્રૂરતાથી કરુણામાં થવું જોઈએ. આજે આવા જ પરિવર્તનની જરૂરિયાત છે.’ ઉપરાંત, સમ્રાટ અશોકના ૨૩૦૦ વર્ષ પૂર્વે પથ્થર પર કોતરેલા શબ્દો ટાંકતા તેમણે કહ્યુ કે બીજાના સંપ્રદાયની નિંદા કરીને પોતાના સંપ્રદાયની સર્વોત્તમતા સિદ્ધ કરવામાં વ્યક્તિ માનવતાને માટે બહુ મોટી મુશ્કેલી ઉભી કરે છે.

૨૦૧૨માં તેઓને ભારત સરકાર દ્વારા સમાજની વિશિષ્ઠ સેવા માટે પદ્મ ભૂષણ એનાયત કરવામાં આવ્યો.

૮૯ વર્ષની ઉંમરે, ૨૯ સપ્ટેમ્બર ૨૦૧૩ માં તેમના છેલ્લા શ્વાસ લીધા હતા. આ ધ્યાન સાધના પ્રશિક્ષણ દ્વારા માનવીય મૂલ્યોની આધ્યાત્મીક વૃધ્ધિ માટે શ્રી ગોએન્કાજીએ આપેલું યોગદાનની સાથોસાથ એક અવિનાશી વારસો પાછળ છોડી ગયા.

(મો.) ૯૪૨૮૨ ૧૯૦૩૧

### દંત ચિકિત્સા ● અનુસંધાન ચોથાનું ચાલુ...

જે વધુ ઠંડા-ગરમ-ગળ્યા પદાર્થોનાં કારણે સેન્સિટેવ બની શકે છે. જે વ્યક્તિને દાંતના દુઃખાવા માટે જવાબદાર હોય છે.

આ સિવાય અગાઉ વર્ણવ્યા મુજબ ગળ્યા પદાર્થો અથવા પીણાનાં લીધે, બેટકેરિયા ઉત્પન્ન થાય છે, જે એસિડ એટેક દ્વારા દાંતમાં સડો કરી શકે છે.

૨) પૂરતા પ્રમાણમાં પાણી ન પીવું.

- શરીરને હાઈડ્રેટેડ રાખવા, પૂરતા પ્રમાણમાં ચયાપચયની ક્રિયાઓનો દર જાળવી રાખવા પાણી અત્યંત આવશ્યક છે. મનુષ્ય શરીર ૭૦% પાણીનું બનેલું છે.

૩) વેકેશન દરમિયાન દાંતના સ્વાસ્થ્યની કાળજી ન લેવી

આ સમસ્યા બાળકોમાં વધુ પ્રમાણમાં જોવા મળે છે. તેઓ પોતાનાં મોઢાનાં સ્વાસ્થ્ય માટે બેદરકારી રાખે છે. તેથી માતાપિતા માટે એ ખૂબ જ આવશ્યક માટે ધ્યાન રાખે.

ડેન્ટિસ્ટની મુલાકાત નિયમિતરુપે લેવી પણ જરૂરી છે.

૪) એસિડીક પીણા / સોડા વગેરે પીધા બાદ પાણી ન પીવું / અથવા પાણીથી મોઢું ચોખ્ખું ન કરવું.

એસિડિક પીણા / સોડા નું વધારે પડતું સેવન દાંતના ઈનેમલ ને નબળું પાડે છે. તેનાથી દાંત કમજોર અને વધુ પડતા સેન્સિટીવ થાય છે.

એ સલાહભર્યુ છે કે કોઈ પણ પ્રકારનું ભોજન ; ખાસ કરી ગળ્યા પદાર્થો કે એસિડીક પીણા કે આઈસ્ક્રીમ વગેરેનું સેવન કર્યા બાદ મોઢા ને પાણીથી વ્યવસ્થિત રીતે ચોખખું કરી

ઉનાળામાં રાખવી પડતી આવશ્યક કાળજી

● વધુ પાણી પીવો :

તે મોઢાને હાઈડ્રેટ રાખવા માટે, લાળ પૂરતી પ્રમાણમાં બનવા માટે,મોંઢામાંથી દુર્ગંધ આવતી અટકાવવા માટે જરૂરી છે.

બહારથી મળતા ક્રીમ અને લીપગ્લોઝ વગેરેનો ઉપોયગ કરો, તેનાથી હોઠને ચૂકાતા અટકાવી શકાય છે.

● વધુ પ્રમાણમાં રસ ધરાવતા ફળોનું સેવન

ઉનાળામાં રસ અને વિટામીન્સઓથી ભરપૂર એવા તરબૂચ, દ્રાક્ષ, ટેટી, કેરી, લીંબુ વગેરેનું સેવન વધારવું જોઈએ. તેમાં વિટામીન સી પ્રચૂર માત્રામાં હોવાથી તે દાંત તથા પેઢાના સ્વાસ્થ્ય માટે ખૂબ જરૂરી છે.

● ડેરી ઉત્પાદકોનો પ્રયોગ

દૂધ, ચીઝ, છાશ, દહીં, પનીર વગેરે જેવી ડેરી ઉત્પાદનોમાં કેલ્શિયમ, પ્રોટીન વગેરે વધુ માત્રામાં હોય છે.

● ઠંડા પદાર્થોનું સેવન :

- જો બાળકોને સીધેસીધું ફ્રીઝમાંથી બરફ ખાવાની આદત હોય તો તે માતાપિતાએ અટકાવવું જોઈએ.

કારણ કે તેનાથી અચાનક મોઢામાં તાપમાનમાં તફાવત જોવા મળે છે જે દાંતમાં સેન્સિટીવીટી કરી શકે છે.

● હોઠની કાળજી

ગરમીની ઋતુમાં હોઠની કાળજી પણ અનિવાર્ય છે. જેથી હોઠ ફાટવા, ચીરા પડવા રોકી શકાય છે. સારૂ લીપ, બામ, અથવા વેસેલીન કે ઘી પણ તે માટે મદદરુપ થઈ શકે છે.

● ડેન્ટિસ્ટની નિયમિત મુલાકાત :

આ અંતિમ પણ સૌથી મહત્ત્વની બાબત એ છે કે ડેન્ટિસ્ટની નિયમિત રૂપે મુલાકાત લેવામાં આવે, તે પણ દર વર્ષે એકવાર.

આની સાથોસાથ નિયમિત બ્રશિંગ અને કોગળા કરવા પણ દાંતની કાળજી માટે ખૂબ આવશ્યક છે. તેનું ધ્યાન રાખો.